NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

## ::– પ રિ પ ત્ર –::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરીનાં તમામ યુનિટ સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીમાં તમામ પ્રકારનાં બીલો પાર્સીંગ અર્થે રજુ કરવામાં આવે છે. જેમાં અનુભવે જણાયું છે કે, કર્મચારી/અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવતા ટી.એ.બીલો/એલ.ટી.સી./બદલી વળતર ભથ્થા/નિવૃત્તિ ભથ્થાનાં બીલો ઉપાડ અને ચુકવણા અધિકારી ધ્વારા જરૂરી ચકાસણી કર્યા વગર ગ્રાન્ટ ભરીને સીધેસીધા ચુકવણાં અર્થે તિજોરી કચેરીમાં મોકલવામાં આવે છે. ઘણીવાર બીલોમાં ખર્ચ કરવાનું બજેટહેડ, કર્મચારી/અધિકારીશ્રીનો પે બેન્ડ, ગ્રેડ પે, બીલોમાં આપવાનાં નિયત કરેલ જરૂરી પ્રમાણપત્રો, પ્રવાસ કરવા અંગે સક્ષમ અધિકારીશ્રીની મંજુરીની નકલ વિગરે અગત્યની વિગતો દર્શાવવામાં આવતી નથી.

ઘણીવાર ટી.એ.બીલોમાં નિયત થયેલ સમયમર્યાદાની અંદર મુસાફરી કરેલ હોય તો પણ પુરેપુરુ ડીએ આકારી દેવામાં આવે છે જેને લીધે બીલો પાસ કરવામાં ખુબ જ તકલીફ ઉભી થાય છે. અને તેને લીધે ચકાસણી કરવામાં બીનજરૂરી સમય વ્યતિત થાય છે. જેથી હવેથી જયારે પણ ટી.એ.બીલો / રજા પ્રવાસ રાહતનાં બીલો/ બદલી વળતર ભથ્થા/નિવૃત્તિ ભથ્થાનાં બીલો રજુ કરવાનાં થાય ત્યારે કર્મચારી / અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ દાવાનો વખતોવખતનાં સરકારશ્રીના ઠરાવો, નિયમો સાથે સંપુર્ણ ચકાસણી નિયમોનુસાર કરીને પછી જ બીલો અત્રેની કચેરીમાં પાસ થવા સારૂ રજુ કરવા વિનંતી છે. સરકારશ્રીનાં નિયમોનુસાર રજા પ્રવાસ રાહતનાં બીલોમાં ખાનગી વાહનમાં મુસાફરી કરવામાં આવેલ હોય તો તે મળવાપાત્ર નથી તેમ છતાં મળવાપાત્ર વર્ગનું ભાડુ આકારી દાવો રજુ કરવામાં આવે છે જે યોગ્ય નથી.

વધુમાં સરકારશ્રીના નિયમોનુંસાર ખરેખર જયાં રેલ્વે / રાજય પરિવહન નિગમ સાથે પ્રવાસના સ્થળો સંકળાયેલ હોવા છતાં ઘણાં કર્મચારી/અધિકારીશ્રીઓ ધ્વારા પોતાની સગવડ માટે હવાઈ મુસાફરી કરવામાં આવે છે, તેવા સંજોગોમાં રેલ્વેમાં મળવાપાત્ર જે તે વર્ગનું મૂળ ભાડુજ આકારવાનુ રહેશે, જેમાં અન્ય કોઈ ચાર્જીસ જેવા કે, રીઝર્વેશન / સર્વિસ ટેક્ષ / સુપરફાસ્ટ તથા તત્કાલ ચાર્જીસ મળવાપાત્ર રહેશે નહી.

વધુમાં કર્મચારી/અધિકારીશ્રીને યુનિવર્સિટીનાં કામે ઝોનબહાર / રાજયબહાર જવાનું થાય છે ત્યારે સક્ષમ અધિકારીશ્રીની મંજુરીની નકલ બીલ સાથે સામેલ રાખવાની રહેશે. સક્ષમ અધિકારીશ્રીની મંજુરીની નકલ બીલ સાથે સામેલ રાખેલ ન હશે તો અત્રેથી ટી.એ. બીલો પાસ કરવામાં આવશે નહી જેની નોંધ લેવી.

ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે જેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૬/ ૨૫૪–૩૦૩ /૨૦૧૫
નવસારી. તારીખ:–૧૨/ ૦૨ / ૨૦૧૫

**નકલ સવિનય રવાના:**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.

૩: આ કચેરીના તમામ ટેબલો તરફ